આપનું સપ્તાહ કેવું જશે? તા.૦૨/૧૧/૨૦૨૬ થી તા.૦૮/૧૧/૨૦૨૬ સુધી

લેખકઃ જ્યોતિષાચાર્ય હંસરાજ **મો. નં.: 9825726442**
E-mail : bharatjyotish03@yahoo.co.in


મેષ (અ,લ,ઈ):- વર્ષનું છેલ્લું સપ્તાહ આવનાર વર્ષ હકારાત્મક રહેવાના સંકેત આપે છે. મહત્ત્વના કામમાં ગતિ તેમજ યોગ્ય મદદથી અનુકૂળતા વધશે. મકાન, વાહન, મિલકત, જમીન બાબતે સકારાત્મક પરિણામ મળશે. સંતાનોના અભ્યાસ તેમજ વિવાહ અને કેરીયર બાબતે પ્રગતિનો અનુભવ થાય. નોકરી ધંધામાં મહત્ત્વના ફેરફારથી લાભ થાય. પ્રમોશન કે પગાર વધારો થાય. રોજની આવકની યોજનામાં પરિવારનો સાથ રહેશે. આરોગ્ય અને વિવાદ બાબતે સાવધાન.


વૃષભ (બ,વ,ઉ):- ચાલુ વર્ષનું છેલ્લું સપ્તાહ આત્મવિશ્વાસ વધારનાર રહેશે. નવા વર્ષમાં નોકરીમાં પ્રમોશન તથા ઈચ્છિત જગ્યાએ નવી નોકરી મળે તેમજ વેપાર ધંધા માટે નવી યોજનામાં અનુકૂળતા રહેશે. શિક્ષણ, ટ્યુશન, દલાલી, પ્રવાસ વગેરે કામમાં નવી તકો મળશે. પરિવાર, ભાઈ-બહેન, મિત્રોને ઉપયોગી બનશો તેમજ વારસા બાબતે મદદ મળે. નોકરી-ધંધામાં નવી જવાબદારી સાથે નવાં કામ થાય. પ્રેમ પ્રકરણમાં સફળતા મળે. વિદ્યાર્થીઓ માટે અનુકૂળ રહેશે.


મિથુન (ક,છ,ઘ):- છેલ્લું સપ્તાહ પારિવારિક પ્રશ્નો, આર્થિક સમસ્યા તેમજ ભાઈ-બહેનો સાથે સંઘર્ષ વધારનાર વર્ષનું સૂચન કરે છે. વેપાર-ધંધામાં પ્રગતિ રહેશે. પારિવારિક બાબતે મહત્ત્વનાં કામ થશે. જો કે નવાં ઘર, વાહન, મકાનની યોજના પાર પડશે. કોર્ટ- કચેરીના કામમાં સાવધાની રાખવી પડશે. સ્વભાવ ઉગ્ર અને તામસી રહેવાથી ઘરમાં અશાંતિ વધશે. મહત્ત્વના નવા ફેરફારથી નોકરીમાં સફળતા મળે. સામાન્ય રીતે વર્ષ મિશ્રફળદાયી રહેશે.


કર્ક (ડ,હ):- વર્ષનું છેલ્લું વર્ષ જમીન, મકાન, વારસા, ભાગીદારી, સામાજિક અને જાહેર જીવનમાં સક્રિય લોકોને ભાગ્યનો સાથ મળશે. વર્ષ દરમિયાન દાંપત્ય અને પ્રેમ પ્રકરણો તથા કોર્ટ-કચેરી બાબતે સાવધાની રાખવી પડશે. સરકારી નોકરીની તક મળશે. પરિવારમાં સંતાનોની સમસ્યા સતાવે. છતાં સંતાનોનાં કામ થાય. કલા, સાહિત્ય, લેખન, નૃત્ય, શિક્ષણ, દલાલી જેવા કામમાં ભાગ્યનો સાથ મળશે. ચાલુ વર્ષમાં અચાનક કોઈ નવી તક મળશે.


સિંહ (મ,ટ):- વર્ષનું છેલ્લું વીક આવનાર વર્ષ બાબતે નોકરી-ધંધામાં તથા સરકારી કામમાં પ્રગતિ સૂચવે તેમજ સમાજને લગતાં કામ થાય. સાથે કોઈ કાવતરાના ભોગ બની શકો છે. પારિવારિક બાબતે વર્ષ અનુકૂળ રહે. ખાણી-પાણી- હોટેલ, રેસ્ટોરન્ટ વગેરેને લગતા વેપાર-ઉદ્યોગમાં ભાગ્યમાં સાથ મળશે તેમજ વિદ્યાર્થીઓ માટે વર્ષ હકારાત્મક રહેશે. પ્રેમ-પ્રકરણોમાં મદદ મળે. આર્થિક બાબતે મિશ્ર છે. આરોગ્યનું ધ્યાન.


કન્યા (પ,ઠ,ણ):- વર્ષનું છેલ્લું સપ્તાહ આવનાર વર્ષમાં ઓછા સંઘર્ષનું સૂચન કરે છે. વિદ્યાર્થીઓએ સાવચેતી રાખવી પડશે. નવાં રોકાણ કે શેર બજારમાં ઉત્તેજીત થવું નહીં. સંતાનોના કામમાં પ્રગતિ થશે. વિદેશ પ્રવાસને લગતાં કામ થાય. કોર્ટ કચેરીમાં મદદ મળે. ધાર્મિક વિચારનાં લોકોને સત્સંગનો યાત્રાનો લાભ મળશે. પ્રેમવિવાહમાં સફળતા મળે. નોકરીમાં નવી તકોવાળું વર્ષ છે. આર્થિક વ્યવહારોમાં સાવધાની રાખવી.



તુલા (ર,ત):- ચાલુ વર્ષનું છેલ્લું વીક પોતાના સ્વતંત્ર ધંધા અને મિલકત કે જમીન, ઓફિસ, ઘર વગેરે લેવા માટે અનુકૂળતાવાળું રહેશે. નવા વર્ષમાં નોકરી-ધંધામાં ઓછા સંઘર્ષ અને હરીફોનો સામનો કરવાનું બનશે. વિદ્યાર્થીઓને તક મળશે. સંતાનોના કેરીયર અને વિવાહની વાત પાર પડશે. ઉચ્ચ કક્ષાનાં લોકોનો સાથ મળવાથી સામાજિક પ્રશ્નો હલ થાય, અંગત જીવનમાં રોમેન્ટીક પ્રસંગ બને. નોકરીમાં નવી તક મળશે. ખર્ચા વધશે.


વૃશ્ચિક (ન,ય):- વર્ષનું છેલ્લું સપ્તાહ તમારા સંઘર્ષને ઓછો કરનાર વર્ષનું સૂચન કરે છે. નોકરીમાં નવા મહત્ત્વના ઈચ્છિત ફેરફાર થાય. જો કે પોતાના હક માટે લડવું પડશે. ઉપરી વર્ગ સાથે ઘર્ષણ રહે. નવા વેપાર-ધંધાની યોજના પાર પડશે. જમીન, ઓફિસ, મકાન ખરીદવાની અનુકૂળતા આવનાર વર્ષમાં રહેશે. પ્રેમ પ્રકરણો રોમેન્ટીક અને હકારાત્મક રહેશે. શેર બજારમાં લાભ થાય. વિદેશના કામમાં પ્રગતિ થશે. વિદ્યાર્થીઓને અનુકૂળતા રહેશે.


ધન (ભ,ધ,ફ,ઢ):- ચાલુ વર્ષનું આ છેલ્લું વીક આવનાર વર્ષમાં નવી તકોનું સૂચન કરે છે. વેપાર-ધંધામાં લાભ થાય. આરોગ્ય બાબતે સાવધાની રાખવી તથા કોર્ટ, કચેરી અને સરકારી કામમાં કોઈની વાતોમાં આવવું નહીં. વર્ષ દરમિયાન અવારનવાર ચડતીપડતી છતાં આર્થિક પ્રગતિ થશે. જાહેર સમાજ અને કૌટુંબિક જીવનમાં હરીફો પરેશાની વધારશે. વિદ્યાર્થીઓને તક મળે. પ્રેમજીવન અનુકૂળ રહે. શેર બજારમાં સાવધાની રાખવી. મિત્રોનો સાથ મળશે.


મકર (ખ,જ):- વર્ષનું છેલ્લું વીક આવનાર વર્ષમાં સરકારી નોકરીમાં પ્રગતિનું સૂચન કરે છે. વારસા, જાયદાદ, બાબતે પ્રગતિ થશે. એજન્સીના કામમાં લાભ થાય. વિદેશથી લાભ થાય. સંતાનોની પ્રગતિથી શાંતિ મળશે. આરોગ્ય બાબતે સાવધાની રાખવી પડશે. આગ, અકસ્માત વગેરેની કાળજી રાખવી. દાંપત્યજીવનમાં ગરબડ થઈ શકે. પ્રેમ પ્રકરણો પરેશાની લાવશે. વિદ્યાર્થીઓને મહેનતનું ફળ મળે. નવા રોકાણથી લાભ થાય.


કુંભ (ગ,સ,શ,ષ):- આ વીક નવા વર્ષની પૂર્વ સંધ્યાનું મિશ્ર વર્ષનું સૂચન કરે છે. કોર્ટ કચેરીમાં સાવધાની રાખવી તેમજ સરકારી નોકરિયાતે લાલચથી બચવું. હરીફોથી સાવધાન રહેવું. ધંધા માટે વર્ષ સારું રહેશે. દાંપત્યમાં તાલમેળ રાખવો પડશે. અચાનક ધનલાભ થઈ શકે છે. નવા સામાજિક સંબંધોથી માન વધશે. ઉંમરલાયકના વિવાહ થાય. વિદ્યાર્થીઓને મહેનત રંગ લાવશે. પ્રેમમાં વિશ્વાસ વધશે. આવક વધે.


મીન (દ,ચ,ઝ,થ):- ચાલુ વર્ષનું છેલ્લું સપ્તાહ નોકરી ધંધા તેમજ સંતાનો અને જીવનસાથીના પ્રશ્નોનો નિકાલ સૂચવે છે. સરકારી નોકરીની તક મળે. ચાલુ નોકરીમાં પ્રમોશન થાય. વર્ષ દરમિયાન ભાગીદારીથી લાભ થાય. તમારે કોર્ટ-કચેરીમાં મદદ મળશે. શેરબજારમાં સાવધાની રાખવી. વિદ્યાર્થીઓની મહેનત વધશે. વિદેશના કામમાં પ્રગતિ થાય. પ્રાઈવેટ નામી કંપનીમાં નોકરીની તક ઊભી થશે. આરોગ્ય સામાન્ય રહે. આવક વધે.

ભાજપ V/S કોંગ્રેસ

ભાજપ જનતાના હિત કરતાં પોતાના હિતને વધુ મહત્ત્વ આપે એવું કુંડલી પરથી ફલિત થાય છે

ભારતના રાજકારણમાં ક્યારે કલ્પના ન કરી હોય એવી સ્થિતિનું નિર્માણ કેમ થયું? એક પક્ષ/પાર્ટી દેશ અને દેશની જનતાને સ્પર્શતી સમસ્યાને લઈને મેદાનમાં સંઘર્ષ કરે છે, જ્યારે સત્તાધારી પક્ષ લોકશાહી કે લોકતંત્રને બચાવવા મેદાનમાં સંઘર્ષ કરે છે? બેમાંથી એક ચોક્કસ દેશ અને દેશની જનતાને મૂર્ખ સાબિત કરવાની ભરપૂર કોશિશ કરે છે! આપણે આ બંને પક્ષની સ્થાપના કુંડલી પરથી જ્યોતિષની દૃષ્ટિએ સમજવાની કોશિશ કરીએ કે કયો પક્ષ દેશને વફાદાર છે? કયા પક્ષના ગ્રહો જનતાના હિતને પ્રાધાન્ય આપે છે? કયો પક્ષ પોતાના સ્વાર્થને પ્રાધાન્ય આપે છે? અને સાથે એ પણ સમજીએ કે ભારતની પ્રજા મૂર્ખ કેમ બને છે? ભારતીય જનતા પક્ષની સ્થાપના કુંડલી મિથુન લગ્નની છે. વાયુતત્ત્વ અને બુધ પ્રધાન લગ્ન છે. આ લગ્નમાં બુધ, શુક્ર અને શનિ શુભ કે યોગકારક ગ્રહ માનવામાં આવે છે તથા ચંદ્ર, સૂર્ય અને મંગળ મારક કે નુકસાન કરનાર ગ્રહ માનવામાં આવે છે. ગુરુ સમ કે તટસ્થ છે. સાથે મારક અને કેન્દ્રાધિપતિનો દોષ કરે છે. બુધપ્રધાન જાતકો હાજર જવાબી, તેજ દિમાગી અને બોલવામાં કુશળ હોય છે જે આપણને ભાજપમાં જોવા મળે છે. મિથુન લગ્ન અને તેનો સ્વામી બાળઅવસ્થાના છે માટે મિથુન લગ્નવાળાને જવાબદારીની ખાસ પરવા હોતી નથી. તેમની હરકતો બાળક સમાન હોય છે. તેઓ સ્થિતિની ગંભીરતાને બાળબુદ્ધિથી મૂલવે છે.

બુધ પોતે કિશોર-અવસ્થાનો ગ્રહ છે માટે તેને પોતાનામાં આટલો વિશ્વાસ હોતો નથી કે જે કોઈ મહત્ત્વનું કામ જવાબદારીપૂર્વક નિભાવી શકે! માટે જ ભાજપ અન્ય પાર્ટીના લોકોને ગેરકાયદેસર પોતાની પાર્ટીમાં સામિલ કરીને તેમના બળે રાજ કરે છે. ભાજપની કુંડલીમાં ત્રીજા સ્થાનમાં મંગળ-ગુરુ શનિ અને રાહુનો યોગ એક શક્તિશાળી વિજયી યોગ કરે છે. સામાન્ય રીતે મંગળ-રાહુનો ત્રીજા ભાવનો થતો યોગ અશક્યને શક્ય કરનાર અને એક વિજેતા યોધ્ધાના યોગ કહે છે. પણ સાથે ગુરુ-શનિના કારણે ષડયંત્ર યોગમાં ફેરવાઈ જાય છે. સામે ભાગ્યમાં કેતુ સાથે બુધ વિશ્વાસઘાતના યોગ કરે છે. જ્યોતિષના નિયમ પ્રમાણે રાહુ-ગુપ્તનીતિઓ છળકપટનો કારક છે, શનિ પીડિત હોય તો અત્યાધિક સ્વાર્થી અને ગુપ્ત રૂપે ષડયંત્ર રચવાની આંતરિક ભાવના અને શક્તિ આપે છે. બુધ-બુદ્ધિનો દુરુપયોગ અને વાણી કે વહીવટ અથવા ભેદ નીતિથી બીજાને ઠગવાની કળામાં મહાર્થી માહિર બનાવે છે. મંગળ જો અશુભ બનતો હોય તો પોતાના સ્વાર્થ ખાતર કોઈ પણ હદે જવાની શક્તિ આપે છે. હિંસક અને આક્રમક રીતે વિશ્વાસઘાત કરાવે છે. આવું ત્યારે જ થાય જ્યારે પ્રથમ, ચાર અને અગિયારમાના સ્વામી અને સ્થાન અશુભ બને છે. ભાજપની કુંડલીમાં પ્રથમનો માલિક બુધ ભાગ્યમાં કેતુ સાથે જે ચોથાનો પણ સ્વામી છે

2028થી 2035 વચ્ચેનો સમય કોંગ્રેસમુક્તની જગ્યાએ ભાજપમુક્ત દેશના ગ્રહયોગ ભાજપની સ્થાપના કુંડલીમાં છે

તથા લાભસ્થાનનો માલિક તથા સાતમાનો માલિક જે રોજિંદી પ્રવૃત્તિ અને જાહેર જનતાનું પ્રતિનિધિત્વ કરે છે તેના સ્વામી સાથે મંગળ-ગુરુ શનિ રાહુની યુતિથી અશુભ બને છે અને ત્રીજું સ્થાન વિચારો-વ્યવહાર અને સામ-દામ દંડ-ભેદને પ્રભાવશાળી રીતે અમલમાં મૂકવાની પ્રેરણા આપે છે તથા યોજના સફળ થશે કે કેમ તેનું નિર્દેશન કરે છે.

તો જ્યોતિષની દૃષ્ટિએ તો આ નિયમ બિલકુલ ફીટ બેસે છે માટે ભાજપ જનતાના હિત કરતાં પોતાના હિતને વધુ મહત્ત્વ આપે એવું કુંડલી પરથી ફલિત થાય છે. 2012 થી મારકેશ સૂર્યની મહાદશામાં ભાજપનો દેશમાં ઉદય થયો. 2018થી મારકેશ ચંદ્રની મહાદશામાં ભાજપ ફાલ્યો ફૂલ્યો પોતાની કૂટનીતિ કે સ્વાર્થ નીતિમાં, મારકેશ ચંદ્રની મહાદશા 2028 સુધીની છે અને 2028થી 2035 સુધી મારકેશ મંગળની મહાદશા આવશે માટે 2028થી 2035 વચ્ચેનો સમય કોંગ્રેસમુક્તની જગ્યાએ ભાજપમુક્ત દેશના ગ્રહયોગ ભાજપની સ્થાપના કુંડલીમાં છે. ચંદ્ર મારકેશનો થઈને છઠ્ઠે નીચનો છે અને બારમે રહેલ શુક્ર સાથે પ્રતિયુતિ કરે છે માટે આર્થિક વૈભવના યોગ અને ચારિત્ર્યની દૃષ્ટિએ શુભ નથી. ગેરકાનૂની રીતે અઢળક ધનસંપત્તિના યોગ શુક્ર ચંદ્ર કરે છે સાથે પતનના પણ.

સામે કોંગ્રેસની લક્ષ્યવેધી અને પરિપક્વ ધન લગ્નની કુંડલી ગુરુપ્રધાન છે. જ્યોતિષની દૃષ્ટિ દાર્શનિક અને ભાગ્યશાળી કુંડલી માનવામાં આવે છે. જ્ઞાન, શિક્ષણ, ધર્મના કારક ગુરુ પ્રથમ અને ચોથું સ્થાન જે ચારિત્ર્ય અને જીવનની દિશા નક્કી કરનાર સ્થાનનો સ્વામી છે. આ લગ્નમાં ગુરુ-સૂર્ય અને મંગળ શુભ માનવામાં આવે છે. ચંદ્ર, શુક્ર અને શનિ અશુભ તથા મારકેશ એટલે કે નુકસાન કરનાર બને છે. ***કોંગ્રેસની કુંડલીમાં ષડયંત્ર યોગની જગ્યાએ ષડયંત્રના ભોગ બનવાના યોગ થાય છે.*** *કારણકે ભાગ્યસ્થાન સાથે રાહુ કેતુનો યોગ થાય છે. ચાર, પાંચ એક અને અગિયારમાના સ્વામી શુભ બનતા હોવાથી* ***દેશ કે જનતા સાથે ગદ્દારી ઓછી કરે પણ પાંચમે નીચના શનિ સાથે ચંદ્રની યુતિ પોતાનાં સ્વજનો જ એટલે કે પક્ષના લોકો જ ગદ્દારી કરીને પક્ષને કમજોર કરે.*** *શનિ-નીચભંગ રાજયોગ કરે છે અને મંગળ સાથે પરિવર્તનના કારણે પક્ષના લોકો વિસ્ફોટક સાબિત થાય. 2003 થી 2010 સુધીની ઉચ્ચના મંગળની મહા દશા શુભ હતી. પણ 2010થી 2028 સુધીની શુક્રની મહાદશા કોંગ્રેસ માટે અશુભ રહી કારણકે રાહુ-કેતુનો ભાગ્ય સ્થાન સાથે સંબંધ છે. જે છળકપટના ભોગ બનાવે. અપમાનિત કરે અને સાથીઓ વિશ્વાસઘાત કરે.* ***2028 થી 2044 સુધીની લગ્નેશ અને ચોથા સ્થાનના માલિક ગુરુની મહાદશા ચાલુ થાય છે. આ સમય કોંગ્રેસને બેઠા થવાનો છે. જો કે કોંગ્રેસ ખતમ થઈ નહતી અને થશે પણ નહીં કારણ ધન લગ્ન અને ચોથા તથા લગ્નનો સ્વામી ગુરુ લાભસ્થાનના સ્વગ્રહી શુક્ર સાથે યુતિમાં અને પાંચમે રહેલ શનિ-ચંદ્ર સાથે પ્રતિયુતિમાં શુભ બને છે.*** *શુક્રની મહાદશામાં કોંગ્રેસના ઉદયના કારણે 1970થી 1987ની વચ્ચે કોંગ્રેસ બદનામ થઈ. કારણ શુક્ર મારકેશ છે. કટોકટીની ભૂલ કરાવી ગ્રહો આધિન માણસની બુદ્ધિ ચાલતી હોય છે. હાલ ભાજપની પણ મારકેશની મહાદશાના કારણે બુદ્ધિ પર પડદા પડ્યા છે.*

અનુસંધાન ... પાના પહેલાનું

દેશદ્રોહના આરોપસર...

લોકસભા ચૂંટણીને "ગેરકાયદેસર" ગણાવી. શાહના એ નિવેદનના જવાબમાં કે મોદી ક્યાંય જવાના નથી, રાહુલે કહ્યું, "નરેન્દ્ર મોદી ક્યાંય જઈ શકે તેમ નથી; જો તેઓ જવા માગે તો પણ અમે તેમને જવા દઈશું નહીં." 'મત બચાવો, દેશ બચાવો મહારેલી' એ સીઈસી કુમારને હટાવવા અને મતદાર યાદીના 'સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવીઝન' (SIR) ને રદ કરવાની માંગ સાથેના વિરોધ પ્રદર્શનોની શ્રેણીનો એક ભાગ હતી. સપાના અખિલેશ યાદવે જણાવ્યું હતું કે લોકોની ભારે ભીડ સાથે રામલીલા મેદાન "લોકશાહીનું હલ્દીઘાટી" બની ગયું છે અને દાવો કર્યો કે આ આગામી સમયમાં પરિવર્તનના સંકેત આપે છે. આ રેલીમાં પીડીપીના મહેબુબા મુફ્તી અને ડાબેરી નેતાઓ પણ બોલ્યા હતા. તૃણમૂલ કોંગ્રેસના વડા મમતા બેનર્જીએ આ રેલીમાં સીજેપી નેતૃત્વ અને જેન ઝેડ કાર્યકરોને સમર્થન આપ્યું હતું, અને ભાજપ પર ચૂંટણીમાં ગરબડ કરવાનો તેમજ બિન-એનડીએ શાસિત રાજ્યોને નિશાન બનાવવા માટે SIR પ્રક્રિયાનો ઉપયોગ કરવાનો આરોપ મૂક્યો હતો. તેમણે સોનિયા ગાંધીને પોતાના નેતા તરીકે ગણાવ્યા હતા અને એક વખતના પોતાના કટ્ટર હરીફ ડાબેરી પક્ષોની હાજરીનો પણ ઉલ્લેખ કર્યો હતો.

વડાપ્રધાન બનવું હોય તો આખી જિંદગી મોક પાર્લામેન્ટમાં રહો : અમિત શાહનો કટાક્ષ

ચંદીગઢ વહીવટીતંત્રના 258 કરોડ રૂપિયાના વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સના ઉદ્ઘાટન અને શિલાન્યાસ સમારોહને સંબોધતા કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે મલ્લિકાર્જુન ખડગેના નિવાસસ્થાને મોક પાર્લામેન્ટ યોજવા બદલ કહ્યું, છેલ્લા 15 વર્ષથી, રાહુલ ગાંધી ત્રણ સમાન ચૂંટણીઓ હારી રહ્યા છે. સોનિયા ગાંધીનું તેમના પુત્રને વડાપ્રધાન બનાવવાનું સ્વપ્ન અધૂરું રહ્યું છે. હવે તેમણે મોક પાર્લામેન્ટ યોજવાનો એક નવો રસ્તો શોધી કાઢ્યો છે. તે સારું છે, ભાઈ. હું રાહુલ ગાંધીને કહેવા માંગુ છું: જો તમે વડાપ્રધાન બનવા માંગતા હો, તો તમારા બાકીના જીવન માટે મોક પાર્લામેન્ટમાં રહો. વાસ્તવિક ચૂંટણીમાં તમારો વારો ક્યારેય નહીં આવે.

રેલીમાં કોણ કોણ...

સુપ્રિયા સુળે, શિવસેના-યુબીટીના સંજય રાઉત સહિતના વિપક્ષી નેતાઓ તેમજ પ્રિયંકા ગાંધી વાડ્રા, કે.સી. વેણુગોપાલ, દીપાંકર ભટ્ટાચાર્ય અને નાગરિક સમાજના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

METAS OF SEVENTH-DAY ADVENTIST
P.O. Box No. 24, Athwalines, Surat – 395001. Gujarat
APPLICATIONS ARE INVITED FOR
METAS ADVENTIST CLLEGE OF PHARMACY (Proposed)

Principal**	Professor**	Assisant Professor**	Lecturer**	Lab. Technician
01	01	01	03	02

**Departments (Subjects)
Pharmaceutics, Pharmaceutical Chemistry including Analysis, Pharmacology, Pharmacy Practice, Pharmacognosy

The qualifications and experience should be as per PCI & GTU norms. Eligible and interested candidates need to send their application with updated resume, marksheets and certificates to **principalcollege@metasofsda.in** on or before 10-11-2026. If suitable candidates are not available, the Management reserves the right not to fill the advertised posts or to cancel the advertisement, subject to the approval of the Pharmacy Council of India (PCI) and Gujarat Technological University (GTU), wherever applicable.
Date: 02-11-2026 SECRETARY

જાહેર જનતા જોગ

સુરત ડીસ્ટ્રીક્ટ સીટી સબ-ડીસ્ટ્રીક્ટના મોજે જહાંગીરાબાદમાં આવેલ. રે.સ. નં. ૧૯૦/૩ તથા ૧૯૩/૨ બ્લોક નં. ૧૪૩, ટી.પી. સ્કીમ નં. ૪૨ના ફા.પ્લોટ નં. ૨૦ વાળી જમીનમાં આવેલી આયોજીત "ક્રિષ્ણા પાર્ક રો હાઉસ" (રાધે પાર્ક)ના નામથી ઓળખાતી વસાહતમાં પ્લોટ નં. ૨૩૨ કે જેને સ્થળ ઉપર પ્લોટ નં. ૨૩૪ આપવામાં આવેલ છે. હાલમાં આ મિલકતના માલિક શ્રી રમેશભાઈ અમૃતભાઈ પટેલ છે. તેઓ દ્વારા સોસાયટીનું શેર સર્ટીફીકેટ ગેરવલ્લે થયેલ છે. જેથી સોસાયટી દ્વારા દિન-૦૭ માં કાઈ વાંધો ઉપસ્થિત ન થાય તો ડુપ્લીકેટ શેર સર્ટીફીકેટ ઈસ્યુ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

લિ. પ્રમુખ
રાધેપાર્ક કો.ઓ.હા. સોસાયટી

વેચાણ અંગેની જાહેર નોટીસ

નવસારી જીલ્લાના જલાલપોર તાલુકાના મોજે ગામ ભીનારના નીચે કોષ્ટકમાં જણાવેલ બ્લોક નંબરવાળી જમીનો કોષ્ટકમાં જણાવેલ માલિકોની કાયદેસરની સંપુર્ણ અને સ્વતંત્ર માલિકી તથા પ્રત્યક્ષ કબજા ભોગવટા હેઠળની ચાલી આવેલ હોવાનું જણાવી તથા તમામ ટાઈટલ કલીયર અને માર્કેટેબલથી અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે.

જુનો બ્લોક નં.	નવો બ્લોક નં.	ક્ષેત્રફળ (ચો.મી.)	સત્તા પ્રકાર	માલીકનું નામ
૪૨૧	૫૧૪	હે. ૦-૨૬-૨૪	જુની શરત	મનસુખભાઈ શંભુભાઈ સાંગાણી
૪૨૦	૫૧૫	હે. ૦-૪૬-૪૦	બીન ખેતી	મનસુખભાઈ શંભુભાઈ સાંગાણી
૪૦૭	૫૨૫	હે. ૦-૫૧-૫૦	જુની શરત	કૈલાશબેન મનસુખભાઈ સાંગાણી

ઉપરોક્ત કોષ્ટકમાં જણાવેલ જમીનોમાં તેના માલિક સિવાય અન્ય કોઈ શખ્સ કે પેઢી કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, દરદાવો, બોજો, લાગભાગ, કબજો વિગેરેની તર–તકરાર હોય તો પુરાવા સહિત આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન–૭ માં અમોને લેખીતમાં પુરાવા સહિત જાણ કરવી. જો તેમ કરવામાં કસુર થશે તો સદર જમીનમાં કોઈનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, દરદાવો, બોજો, લાગભાગ, કબજો વિગેરેની તર–તકરાર નથી અને હોય તો તે જતા કરેલ છે તેમ સમજી મુદત વિત્યેથી અમારા અસીલ સદરહુ જમીનોનો રજી.સાટાખત/વેચાણ દસ્તાવેજ મજકુર જમીન માલિકો પાસેથી કરાવી લેશે અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર, દરદાવો યા વાંધા ચાલશે નહી, જેની નોંધ સર્વે લાગતા–વળગતાઓએ લેવી. તા. ૦૨/૧૧/૨૦૨૬

વિપુલ જે. પટેલ તે ખરીદનારના એડવોકેટ
સરનામું :- ૧/૬૧૬, ધાતીગરા સ્ટ્રીટ, ખારવાવાડ, નાનપુરા, સુરત. મો.નં. ૯૮૭૯૮ ૮૮૬૪૮

જાહેર ચેતવણી/જાહેર નોટીસ

આથી લાગતાવળગતા તમામે તથા જાહેર જનતાએ નોંધ લેવી કે, સુરત ડીસ્ટ્રીક્ટ તથા સબ–ડીસ્ટ્રીક્ટ, તાલુકોઃ ઓલપાડ, મોજે ગામઃ તેના ની સીમમાં આવેલી ખેતીની સ્થાવર જમીનો પૈકી (૧) બ્લોક નં. ૧૯૮/૧ (સર્વે નં. ૯૯/૧, ખાતા નં. ૫૭૫), (૨) બ્લોક નં. ૧૯૮/૪ (સર્વે નં. ૯૯/૧, ખાતા નં. ૫૭૮), (૩) બ્લોક નં. ૪૫૦ (સર્વે નં. ૨૨૦/૨, ખાતા નં. ૧૫૮) તથા (૪) બ્લોક નં. ૭ (સર્વે નં. ૨/૧, ખાતા નં. ૧૫૭) વાળી તમામ મિલકતો મૂળ સ્વ. કેશવભાઈ કાળાભાઈ પટેલની સંયુક્ત હિંદુ અવિભક્ત કુટુંબની વડીલોપાર્જિત મિલકતો છે. સદર મિલકતોમાં સ્વ. જમુભાઈ કેશવભાઈ પટેલના વારસાઈ હિસ્સા પૈકી અલ્પેશભાઈ જમુભાઈ પટેલના હિસ્સામાં સગીર ત્રીશા જન્મજાત સહભાગીદાર હોઈ, સગીર ત્રીશાનો પોતાનાં પિતાના હિસ્સામાંથી ૧/૨ (અડધો) અવિભાજ્ય અને વણ–વહેંચાયેલ અવિભાજય વારસાઈ હક્કનો માલિકી હક્ક, હિત અને હિસ્સો સમાયેલો છે. સગીરના કાયદેસરના હક્ક–હિસ્સાના રક્ષણાર્થે તથા અન્ય સહહિસ્સેદારો દ્વારા તેના વેચાણ કે તબદીલી સામે કાયમી મનાઈ હુકમ મેળવવા સગીરના કુદરતી વાલી અને ઈષ્ટમિત્ર માતા જાગૃતિબેન રમણભાઈ પટેલ મારફત મહે. ઓલપાડનાં પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ સાહેબની કોર્ટમાં રેગ્યુલર દિવાની મુકદ્દમા નં.૯૬/૨૦૨૬ થી જાહેરાત તથા કાયમી મનાઈ હુકમનો દાવો દાખલ કરવામાં આવેલ છે જે હાલમાં ચાલુ હોઈ અને કાયદાકીય રીતે ''લિસ પેન્ડન્સ'' નો સિદ્ધાંત લાગુ પડતો હોવાથી, આ મિલકતો હાલ ''સબજ્યુડિસ'' છે. સગીરનો હિસ્સો અદાલતી રાહે વિભાજીત થયેલ ન હોઈ, કોઈપણ વ્યક્તિ, પેઢી કે સંસ્થાએ સદર જમીનો કે તેનો કોઈપણ ભાગ વેચાણ, ગીરો, બક્ષિસ, બાનાખત કે અન્ય કોઈપણ રીતે તબદીલ કરવો કે કરાવવો નહીં. તેમ છતાં જો કોઈ પક્ષકાર આવો વ્યવહાર કરશે, તો તેઓને ઉપરોક્ત ચાલુ દાવામાં પક્ષકાર તરીકે જોડવામાં આવશે અને તેઓને કોઈ ચોખ્ખું, માર્કેટેબલ કે તકરારરહિત ટાઈટલ પ્રાપ્ત થશે નહીં, જેની તમામે ગંભીરતાપૂર્વક સર્વેએ નોંધ લેવી.

મારી સૂચના અને જાણ મુજબતે
સગીર ત્રીશાની માતા જાગૃતિબેન રમણભાઈ પટેલ

અલ્પેશ એસ. ભગત એડવોકેટ | **વિષ્ણુ સી. ખલાસી** એડવોકેટ
ઓફિસ : ૮૪, દિનદાયળ સોસાયટી, પાલનપુર પાટીયા, રાંદેર રોડ, સુરત.

વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા સર્વેને જણાવવાનું કે, ડિસ્ટ્રીક્ટ સુરત સબડિસ્ટ્રીક્ટ ઓલપાડના **મોજે ગામ : પીંજરત**ના **ખાતા નંબર : ૨૧૨૯, સર્વે નંબર : ૪૩૬, બ્લોક નંબર : ૯૯૯** થી નોંધાયેલી **હે.આરે.ચો.મી. ૦–૫૨–૬૧ યાને ૫૨૬૧–૦૦ ચોરસ મીટર ક્ષેત્રફળ** ખેતીની જમીન, કે જેનો આકાર રૂા. ૧–૫૦ પૈસા છે. તે ખેતીની જમીન પૈકી હે.આરે.ચો.મી. ૦–૨૧–૦૪ યાને ૨૧૦૪–૦૦ ચોરસ મીટર ક્ષેત્રફળ ખેતીની જમીનના માલીક **પિયુષકુમાર મહેશભાઈ પટેલએ** તમામ રીતના ટાઈટલ કિલયરન્સ અને માર્કેટેબલ હોવાનું તેમજ તેમના હીસ્સાની જમીનના સંપૂર્ણ અને સ્વતંત્ર માલીક કબજેદાર તરીકે તેમના હીસ્સાની જમીનની તેમને એકલાને હરકોઈ રીતની વહીવટ વ્યવસ્થા કરવાનો હકક અને અધિકાર હોવાનું જણાવી મારા અસીલને તમામ હકકો સહીત વેચાણ આપવા નકકી કરેલ છે. જેથી સદરહુ જમીનમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે જે કોઈ વ્યકિત યા સંસ્થાનો, બેન્ક યા બેન્કીગ જેવી સંસ્થાનો કોઈ પણ જાતનો લાગ–ભાગ, હકક–હિત–હિસ્સો, સબંધ–હીત–દર–દાવો, હુકમનામું કે ખોરાકી પોશાકીના હકકો કે બોજો કે કબજો હોય કે સદરહુ વેચાણ કરવા સામે કોઈ પણ રીતનો વાંધો યા વિરોધ હોય તો તેમણે લેખીતમાં પુરાવા સહિત **દિન–૫(પાંચ)** માં હમોને જાણ કરવી, મુદત વિત્યે કોઈના કશા પ્રકારના હકક–હિત–હિસ્સા, દર–દાવા, બોજા, સંબંધ કે કબજા નથી અને હોય તો તે છોડી દીધેલા છે, તેમ ગણી મારા અસીલ વ્યવહાર પુર્ણ કરી પાકા રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ સહીતના લખાણો કરાવી લેશે, તે બાદ કોઈની તર–તકરાર ધ્યાને લેવાશે નહી, તેની જાહેર જનતાએ નોંધ લેવી. તા.૦૨/૧૧/૨૦૨૬

અજયકુમાર કે. ગોહીલ એડવોકેટ
ઓફિસઃ '' વિજયા લક્ષ્મી હાઉસ ', બીજો માળ, પ્રોટોન પ્લસની પાછળ, વિજયા લક્ષ્મી સર્કલ પાસે, એલ.પી. સવાણી રોડ, અડાજણ, સુરત.-૩૯૫૦૦૯. મો.નંબર : ૭૬૦૦૦-૫૯૫૨૨

મોજે કુદીયાણાના બ્લોક નં.૬૧૨ વાળી જમીનના વેચાણ અંગેની જાહેર નોટીસ

ડીસ્ટ્રીક્ટ સુરત, સબ-ડીસ્ટ્રીક્ટ ઓલપાડના મોજે **ગામ કુદીયાણા**ના બ્લોક ન. ૬૧૨ થી નોંધાયેલી સુમારે ૧૧,૯૩૮ ચો.મી. તથા બ્લોક નં. ૬૧૩ થી નોંધાયેલી સુમારે ૬,૪૭૫ ચો.મી. વાળી જુ.શ.ની ખેતીની જમીન જેને એકત્રબાદ **બ્લોક નં. ૬૧૨,** ક્ષેત્રફળ સુમારે ૧૮૪૧૩ ચો.મી. આપવામાં આવેલ છે જે પૈકી **પૂર્વ દિશા તરફની સુમારે ૧૨૨૭૫ ચો.મી.**ક્ષેત્રફળવાળી, (૧) લલીતાબેન રણછોડભાઈ, (૨) લીલાબેન રણછોડભાઈ, (૩) સંજયભાઈ મનહરભાઈ, (૪) શીલાબેન મનહરભાઈ, (૫) જયંતીભાઈ રણછોડભાઈ, (૬) હંસાબેન રતનજીભાઈ, (૭) પ્રવિણભાઈ રતનજીભાઈ, (૮) સુમનબેન રતનજીભાઈ, (૯) મનહરભાઈ રતનજીભાઈ, (૧૦) હેમાલીબેન મુકેશભાઈ, (૧૧) ડેનીસાબેન મુકેશભાઈ, (૧૨) પ્રતિકભાઈ મુકેશભાઈ, (૧૩) કોકિલાબેન તે અમરતભાઈ રતનજીભાઈ પટેલની વિધવા, (૧૪) વિપુલભાઈ અમરતભાઈ, (૧૫) આશિષકુમાર અમરતભાઈ પટેલ તથા (૧૬) નિરંજનકુમાર અમરતભાઈ પટેલના હીસ્સાની જમીન તેઓએ સંયુકત માલીકી કબજા ભોગવટાની અને ચોખ્ખા અને માર્કેટેબલ ટાઈટલવાળી હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે. સબબ સદરહુ જમીનના વેચાણ સામે જો કોઈને કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર હોય યા સદરહુ જમીનમાં મજકુર માલીક સીવાય અન્ય કોઈપણ વ્યકિત, વારસો, સંસ્થા કે બેંકનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક–હીસ્સો, હિત, સંબંધ, કબજો ભોગવટો કે લેણું હોય તો તેઓએ આ નોટીસ પ્રસીધ્ધ થયેથી **દિન–૭** માં અમોને પુરાવા સહીત લેખીતમાં નીચેના સરનામે જાણ કરવી. મુદ્દત વીત્યેથી સદરહુ જમીનમાં અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક હીસ્સો હિત, સંબંધ કે લેણા નથી અને હોય તો તેઓએ જતા કરેલા હોવાનું માની લઈ અમારા અસીલ સદરહુ જમીનનો વેચાણ અવેજ ચુકવી જરૂરી દસ્તાવેજો/લખાણો કરાવી લેશે. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર ચાલશે નહી. જેની આથી લાગતા વળગતા તમામ તથા જાહેર જનતાએ છેવટની નોંધ લેવી.

ઓફીસ : ૪૦૧, સત્યમ કોમ્પ્લેક્ષ, મુદીતા મીઠાઈની સામે, પાલીયા સ્ટ્રીટ, નાનપુરા, સુરત-૧, ગુજરાત મો.૯૮૨૫૨ ૯૭૧૦૦
નિશીથ કે. સુખડવાલા
મેઘા એન. સુખડવાલા
તે ખરીદનારના એડવોકેટ

મોજે : વાઘેચ સરભોણ, તા. બારડોલી, જી. સુરત ના બ્લોક નં. ૨૬૫ તથા ૨૬૬ વાળી જુની શરતની ખેતીની જમીનો અંગેની જાહેર નોટીસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે સુરત ડીસ્ટ્રીક્ટના સબ ડીસ્ટ્રીક્ટ તાલુકા બારડોલીના મોજે ગામ– વાઘેચ સરભોણ ના નીચે શીડયુલમાં જણાવેલ વિગત વાળી જમીનો તેના માલિકો (૧) કલ્પેશકુમાર રમેશભાઈ પટેલ તથા (૨) વિમલેશકુમાર રમેશભાઈ પટેલ એ પોતાની પ્રત્યક્ષ માલિકી, કબજા ભોગવટામાં હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવા નકકી કરેલ છે.

શિડયુલ

ક્રમ	સર્વે નંબર	બ્લોક નંબર	ખાતા નંબર	ક્ષેત્રફળ હે.આરે.ચો.મી.	આકાર રૂ/–	સત્તાપ્રકાર
૧	૮૯/૨	૨૬૫	૨૮૦	૦–૭૭–૯૦	૪.૩૭	જુનીશરત
૨	૯૦/૨	૨૬૬	૨૮૦	૦–૯૨–૦૭	૫.૦૬	જુનીશરત

જેથી ઉપરોકત જમીનો સંદર્ભે કોઈપણ રાષ્ટ્રીયકૃત બેંક, સહકારી બેંક, કો. ઓ. બેંક, સહકારી મંડળી, નાણાંકીય સંસ્થા, ખાનગી બેંક, કોઈપણ કંપની, ભાગીદારી પેઢી કે કોઈપણ વ્યકિતનો કોઈપણ જાતનો હકક–હીત–હીસ્સો, દરદાવો, લાગભાગ, કોઈના કોઈપણ પ્રકારના સાટાખત, વેચાણ દસ્તાવેજ, કબજા કરાર કે ચાર્જ, બોજો યા લીયન થા ઈઝમેન્ટનાં હકકો યા અન્ય કોઈપણ હકકો યા અધિકારો યા લખાણ હોય તો તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન–૫ માં તેમના વાંધાઓ તે અંગેના લખાણો કે દસ્તાવેજી પુરાવાઓ નીચેના સરનામે મોકલી આપવા, જો તેમ કરવામાં કસુર થયેથી ઉપરોકત તમામ જમીનો અંગે કોઈપણ ઈસમના રાઈટસ, ટાઈટલ, ઈન્ટરેસ્ટ, હકક, હીસ્સા નથી યા હોય તો તે વેવ યાને જતો કરેલા હોવાનું માની અમારા અસીલ ઉપરોકત જાહેર નોટીસમાં જણાવેલ સમય વિત્યેથી ઉપરોકત જમીનોના માલિક પાસેથી કાયદેસરના પરવાનગીઓ, લખાણો, સાટાખત યા દસ્તાવેજો વિગેરે કરી–કરાવી લેશે અને તે અંગે ભવિષ્યમાં કોઈની કોઈપણ પ્રકારની તર–તકરાર ચાલશે નહી. વધુમાં, ઉપરોકત જમીનોનો ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ ઈસ્યુ કરીશું, જેની હાલની આ જાહેર નોટીસથી સર્વેએ નોંધ લેશોજી.

સુરત. તા. ૦૨/૧૧/૨૦૨૬
ઓફીસ :– ૪૧૪, ચોથો માળ, નેમી એમીનન્ટ, સેન્ટ થોમસ સ્કુલની સામે, ન્યુ સીટી લાઈટ રોડ, સુરત., ફોન નં. ૯૯૧૩૩૭૦૫૫૪, ૭૪૦૫૬૬૫૨૨૬
સાગર સી. જરીવાલા
એડવોકેટ એન્ડ નોટરી
તે ખરીદનારના એડવોકેટ

વેચાણ દસ્તાવેજ કરી આપતા પહેલાની ટાઈટલ કિલયરન્સ અંગેની જાહેર નોટીસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, સુરત જિલ્લાના માંગરોળ તાલુકાના મોજેઃ શાહ ગામના ખાતા નં.૧૪૫, બ્લોક નં. ૭, સર્વે નં.૪/૨, ક્ષેત્રફળ હેક્ટર આરે ૧-૮૯-૦૯ ચો.મી., આકાર રૂા. ૮.૬૮ પૈસાવાળી ખેતીની જુની શરતની જમીન અમો નીચે સહી કરનાર ફારુક યાકુબ પટેલ ના સ્વતંત્ર નામે ચાલી આવેલ છે. સદરહું જમીનના અમો સ્વતંત્ર માલિક, મુખત્યાર, કબજેદાર હોઇ સદરહું મિલકત અમોની સ્વતંત્ર માલિકી, પ્રત્યક્ષ કબજા, ભોગવટા, વહીવટવાળી તેમજ કલીયર માર્કેટેબલ ટાઇટલ્સ તથા કોઇપણ પ્રકારના દાવાઓ તથા બોજાઓ વગરની હોવાનું જણાવી, અમો ઉપરોક્ત વર્ણનવાળી મિલકતનું મેહુલભાઈ ભરતભાઈ રાદડીયા તથા મીરા પ્રકાશકુમાર કોરાટ, રહે. સુરત ના ને વેચાણ કરવા માટે સોદો કરેલ હોવાથી સદરહું મિલકતમાં કોઇપણ વ્યક્તિ, સંસ્થા યા બેંકનો કોઇપણ જાતનો હક્ક, હિત, હિસ્સો, લાગભાગ, અલાખો, અધિકાર, લીસપેન્ડસી, લીયન કે એટેચમેન્ટ, ઇઝમેન્ટ, ખોરાકી-પોષાકી, જામીનગીરી, ચાર્જ-બોજો, દરદાવો, કબજો, ગીરો, બાનાખત, વારસાઇ વિગેરે સીધી કે આડકતરી રીતે હિત સંબંધ વિગેરે હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી તેમણે દસ્તાવેજી પુરાવાઓ સહિત દિન-૭ (સાત)માં નીચે દર્શાવેલ સરનામે અમોના વકીલશ્રીને લેખિતમાં જાણ કરવી, જો તેમ કરવામાં કસુર થયેથી સદરહું મિલકતમાં કોઇનો કોઇપણ જાતનો હક્ક, હિત, હિસ્સો, લાગભાગ, અલાખો, અધિકાર, લીસપેન્ડસી, લીયન કે એટેચમેન્ટ, ઇઝમેન્ટ, ખોરાકી-પોષાકી, જામીનગીરી, ચાર્જ-બોજો, દરદાવો, કબજો, ગીરો, બાનાખત, વારસાઇ વિગેરે સીધી કે આડકતરી રીતે હિત નથી તેમ માની અથવા જો હોય તો ''વેવ'' કર્યો છે તેમ માની લઇ અમો મજકુર મિલકતનો પાકો દસ્તાવેજ કે અન્ય લખાણો ખરીદનાર પક્ષકારને કરી આપીશું અને પાછળથી કોઇના કોઇપણ જાતના દર-દાવા કે તર-તકરાર ચાલશે નહીં જેની લાગતા-વળગતાઓએ ગંભીરપણે નોંધ લેવી. સ્થળ : સુરત, તાઃ ૦૨/૧૧/૨૦૨૬

મારી મારફત
ધારાશાસ્ત્રી પ્રકાશકુમાર મથુરભાઈ કોરાટ
ઓફીસ નં. ૨૦૩, ગોકુલમ આર્કેડ, રાઇઝઓન પ્લાઝાની બાજુમાં, સરથાણા, સુરત-૩૯૫૦૧૩ મો.૯૦૩૩૯ ૦૦૫૦૫ : dharashastri712@gmail.com

:: જાહેર ચેતવણી ::

જાહેર જનતાને હાલની જાહેર નોટીસ આપી તાકીદ કરવાની કે, અમારા અસીલના વડીલ શ્રી મોરારભાઈ છીબાભાઈ છે. જેમના સીધીલીટીના વારસદારો તરીકે (૧) વનમાળીભાઈ મોરારભાઈ (૨) સોમાભાઈ મોરારભાઈ (૩)ગોવિંદ મોરારભાઈ (૪) જમનાબેન મોરારભાઈ (૫) મણીબેન મોરારભાઈ ચાલી આવેલ. જે પૈકી અમારા અસીલ વનમાળીભાઈ મોરારભાઈ પટેલના સીધીલીટીના તરીકે વારસદાર ચાલી આવેલ છે. મોરારભાઈ છીબાભાઈ અને વનમાળીભાઈ મોરારભાઈની સુરત ડીસ્ટ્રીક્ટ, સબ–ડીસ્ટ્રીક્ટ ચોર્યાસીમાં નીચે જણાવેલ જમીનો વડીલોપાર્જીત જમીન તરીકે ઉતરી આવેલ છે.

મોરારભાઈ છીબાભાઈના નામે ચાલી આવેલ જુની શરતની ખેતીની જમીનનો વિગત નીચે મુજબ છે.

ક્રમ	ગામનુ નામ	સર્વે નંબર/બ્લોક નંબર	ક્ષેત્રફળ
૧.	વાંસવા	૨૯૯	૭૦૮૨ ચો.મી.
૨.	વાંસવા	૩૧૪	૨૨૨૬ ચો.મી.

વનમાળીભાઈ મોરારભાઈના વણ વહેંચાણયેલ હિસ્સાની જુની શરતની ખેતીની જમીનો નીચે મુજબ છે.

ક્રમ	ગામનુ નામ	સર્વે નંબર/બ્લોક નંબર	ક્ષેત્રફળ
૧.	ભટલાઈ	૩૬	૨૯૯૩૦ ચો.મી.
૨.	વાંસવા	૨૮૦	૨૫૯૦૦ ચો.મી.
૩.	વાંસવા	૩૨૩	૨૮૩૩ ચો.મી.

આમ, ઉપરોક્ત તમામ જમીનો વડીલોપાર્જીત જમીન તરીકે ચાલી આવેલ છે અને તમામ જમીનો મોરારભાઈ છીબાભાઈ અને વનમાળીભાઈ મોરારભાઈને તેમના અગ્રહકકધારીઓ પાસેથી વારસાઈથી પ્રાપ્ત થયેલી વડીલોપાર્જીત જમીનો છે અને કોઈપણ જમીન સ્વપાર્જીત જમીનો નથી. ઉપરોક્ત તમામ વિગતોની જાણ સર્વેને ચાલી આવેલ હોવા છતા વનમાળીભાઈ મોરારભાઈ તથા અન્ય જમીન માલીકો અમારા અસીલના કાયદેસરના હકકોમાં ન્યુનતા ઉપસ્થિત કરવાની પેરવી કરી રહેલ હોવાથી અમારા અસીલે ઉપરોક્ત તમામ જમીનો બાબતે મહેરબાન સુરતની સીવીલ કોર્ટમાં ૧/૪ વણ વહેચાયેલ હકક હિસ્સો અલગ કરાવવા વહેંચણ, જાહેરાત અને જાથુકનો મનાઈ હુકમ મેળવવા માટે રે.દી.મુ. નંબર : ૧૦૩/૨૦૨૬થી દાવો દાખલ કરેલ છે. જેની આગામી તારીખ : ૦૫/૧૧/૨૦૨૬ના રોજની છે. ઉપરોક્ત સ્પષ્ટ હકીકત હોવાછતા વનમાળીભાઈ મોરારભાઈ પટેલ તેમજ અન્ય જમીન માલીકોએ અમારા અસીલના કાયદેસરના પ્રસ્થાપિત હકકોની ઉપરવટ જઈ ઉપરોક્ત કોષ્ટકમાં જણાવેલ મોજે : ભટલાઈની સર્વે નંબર : ૫૬/ પૈકી ૫, બ્લોક નંબર : ૩૬ વાળી ૨૭૩૦૦ ચો.મી.તથા ૨૬૩૦ ચો.મી. એમ મળી કુલ્લે ૨૯૯૩૦ ચો.મી.ગેરકાયદેસર રીતે (૧) દેવેનભાઈ મફતલાલ પટેલ (૨) વિજયકુમાર કાનજીભાઈ ગોહિલ (૩) ભરતભાઈ ગંગદાસ ગોહિલ ઉર્ફે રામપરીયા (૪) રવીકુમાર કનૈયાલાલ પટેલ વિગેરેનાએ રજીસ્ટર વેચાણ દસ્તાવેજ નંબર : ૧૬૭૫ થી તારીખ : ૧૫/૦૪/૨૦૨૬ના રોજ વેચાણ કરી દીધેલ છે. પરંતુ ઉપર દર્શાવ્યુ તે મુજબ સદરહું જમીનમાં અમારા અસીલનો કાયદેસરનો હકક અને અધિકાર ચાલી આવેલ છે તેમજ અમારા અસીલે નામદાર સીવીલ કોર્ટમાં દાવો પણ દાખલ કરેલ હોવાછતા જમીન વેચાણ કરવાના હકક અને અધિકાર ન હોવાછતા વેચાણ કરેલ છે. જેથી દાવાના કામે ઉપરોક્ત ઈસમોને અને તેઓના લાભમાં થયેલ કહેવાતો રજીસ્ટર વેચાણ દસ્તાવેજ રદબાતલ ઠરાવવા માટે દાવામાં પક્ષકાર તરીકે જોડવાની અરજી પણ આપનાર છે. આમ, ઉપરોક્ત વિગત હોવાથી ઉપરોક્ત જણાવેલ તમામ જમીનો અંગે કોઈપણ વ્યકિત, સંસ્થા એ કોઈ પણ પ્રકારના વ્યવહારો કે વહીવટો કરવા કરાવવા નહી. તેમજ હાલની સ્પષ્ટ નોટીસ હોવા છતા જો કોઈ પણ વ્યક્તિ, સંસ્થા કે ઈસમો ધ્વારા કોઈપણ પ્રકારના વ્યવહારો કરવા કરાવવામાં આવશે તો તે અંગેના ખર્ચ અને પરીણામની જવાબદારી જે તે વ્યવહાર કરનારની રહેશે જેની ખાસ નોંધ લેવી.

તા. ૦૨/૧૧/૨૦૨૬
ઠે : એ- ૭૦૪, તિરૂપતી પ્લાઝા, બહુમાળી બિલ્ડીંગની પાછળ, અઠવાલાઈન્સ, સુરત ૩૯૫ ૦૦૧
મારી મારફત
હીરક પ્રદીપ મહેતા
તે
હિંમતભાઈ વનમાળીભાઈ પટેલના એડવોકેટ

વેચાણ અંગેની જાહેર નોટીસ

સુરત ડીસ્ટ્રીક્ટ અડાજણ સબ ડીસ્ટ્રીક્ટનાં **મોજે અડાજણ** નાં રે.સર્વે નં. ૭૦૨/૪ જેનો ટી.પી. નં. ૧૩, એફ.પી. નં. ૧૮૮ થી નોંધાયેલી ૧૬૩૭ ચો.મી. જમીન ઉપર બાંધવામાં આવેલ **"શાંતીનાથ કો.ઓ.હા.સો.લી."** માં આવેલ **સી** બિલ્ડીંગમાં **ગ્રાઉન્ડ ફલોર** પર આવેલ **ફલેટ નં. જી/૩** થી નોંધાયેલી મિલકત, જેનું ક્ષેત્રફળ આશરે ૭૫૧ ચો ફૂટ યાને ૬૯.૭૬ ચો.મી. સુપર બિલ્ટઅપ એરીયા છે તે મિલકત કે જેનો બિલ્ટઅપ એરીયા મુજબનું ક્ષેત્રફળ સુમારે ૫૨.૩૨ ચો.મી. વાળી મિલકત તથા મજકુર ઈમારત તળેની જમીનમાં ફાળે પડતા વણવહેચાયેલ અવિભાજ્ય હિસ્સાના માલિકી હકક સહિતની મિલકતના માલિક **બેલા કલ્પેશ પચ્ચીગર** એ મજકુર મિલકત પોતાની સ્વતંત્ર માલિકી, કબજા, ભોગવટા, વહીવટી હેઠળની, ટાઈટલ કલીયર, બોજામુકત અને માર્કેટબલ હોવાનું જણાવી હમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે, જેથી સદરહું મિલકત બાબતે કોઈ વ્યકિત, બેન્ક યા સંસ્થાનાં લાગભાગ, હકક, હિત, કબજો, દર-દાવો, લીયન, ચાર્જ, લેણાં યા બોજા હોય તો આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૭ માં આધારભુત પુરાવા સહિત હમોને નીચે જણાવેલ સરનામે લેખિતમાં જાણ કરવી. જો તેમ કરવામાં કસુર યા ચુક થશે તો સદરહું મિલકતમાં કોઈનાં હકક, હિત, સંબંધ યા અધિકાર નથી અને હોય તો તે હમારા અસીલની તરફેણમાં જતા યાને વેઈવ કર્યા છે તેમ માની હમારા અસીલ મુદત વિત્યેથી વેચાણ અવેજની રકમ ચુકવી રજી. વેચાણ દસ્તાવેજ લેશે અને તે અંગે કોઈની તર-તકરાર ચાલશે નહી, જેની જાહેર જનતાએ નોંધ લેવી. (તા. ૦૨/૧૧/૨૦૨૬)

(અમારા અસીલની સુચના અને ફરમાઈશ અન્વયે)
મનીષ બી. પટેલ એડવોકેટ એન્ડ નોટરી
મો.નં.૯૮૨૫૪ ૪૯૦૦૪, ૯૫૫૮૨ ૯૮૧૪૭
ઓફિસ : ૧૦૩, સાંઈકૃપા કોમ્પલેક્ષ, તાડવાડી, રાંદેર રોડ, સુરત
હિમાંશુ બી. પટેલ | દિક્ષિતા એન. પટેલ
તે ખરીદનારનાં એડવોકેટસ

જાહેર નોટીસનો જાહેર જવાબ

ડી. સુરત, તા.ઉધના, મોજે ઉધના, સરવે/બ્લોક નં.૧૪૦ થી ૧૫૦+ ૧૬૬/ પૈકી એ/૩/૧૪ જેનું ક્ષેત્રફળ હે.આરે ૦-૦૫-૦૧ ચો.મી. વાળી મીલકત જે ધી ઉધના ઉદ્યોગનગર સહકારી સંઘ લિ.ના રેકર્ડમાં ટાઈપ-એ, બ્લોક નં.૩, પ્લોટ નં. ૧૪ જેનું ક્ષેત્રફળ ૬૦૦ ચો.વાર વાળી મીલકત પ્રીતિબેન ધર્મેશ પંચાલની વારસાગત હકકવાળી હોવાનું જણાવી એડવોકેટશ્રી પ્રતિક શર્માએ તારીખ : ૨૯/૧૦/૨૦૨૬ ના રોજ દૈનિક વર્તમાનપત્ર ગુજરાતમિત્રમાં પ્રસિધ્ધ કરાવેલ જાહેર નોટીસ તદન ખોટી, કાયદા વિરૂધ્ધની છે.

સદરહુ મીલકત મંજુલાબેન હસમુખલાલ પંચાલની સ્વતંત્ર અને સંપુર્ણ માલીકી અને પ્રત્યક્ષ કબજા ભોગવટાવાળી ચાલી આવેલી. તેમાં મંજુલાબેન હસમુખલાલ પંચાલ લક્ષ્મી મીકેનીકલ વર્કસ ના નામથી ધંધો કરતાં આવેલા જે ધંધો હાલમાં બંધ કરેલ છે. **લક્ષ્મી મીકેનીકલ વર્કસના ધંધાવાળી પ્લોટ નંબર- એ/૩/૧૪ વાળી મીલકત મંજુલાબેન હસમુખલાલ પંચાલે તેમની સગી પુત્રીઓને રજી. બક્ષીસ દસ્તાવેજથી સુપ્રત કરી દીધેલ છે.** હમારા અસીલોની માલીકી અને પ્રત્યક્ષ કબજા ભોગવટાવાળી સ્થાવર મીલકતમાં રહેલ જંગમ - માલ મીલકતોનો તમામ રીતે વહીવટ, વ્યવસ્થા, સંચાલન, નિકાલ કરવા કરાવવા હમારા અસીલોને કાયદા મુજબ સંપુર્ણ હકક અને અધિકાર ચાલી આવેલા છે. અને તે અંગે પ્રીતિબેનને તકરાર કરવા કોઇ કાયદેસરનો હકક કે અધિકાર નથી.

પ્રીતિબેને મંજુલાબેન હસમુખલાલ પંચાલના નામનું કપટપુર્વક ખોટો અન્ડરટેકીંગ ફોર કન્સેન્ટનો દસ્તાવેજ બનાવી તેવા બનાવટી લેખમાં ખોટી ફોર્જડ સહી અને અંગુઠાનું નિશાન કરી ગેરકાયદે ફાયદો મેળવવાના બદઈરાદે તેનો ખરાં તરીકે ઉપયોગ કરી પ્રમુખ એન્જીનીયરીંગના નામથી જીએસટી નંબર તા. ૨૩/૦૩/૨૦૨૬ ના રોજ મેળવવા ગંભીર ફોજદારી ગુનાહિત કૃત્ય કરતાં પ્રીતિબેન અને અન્યો વિરૂધ્ધ ઉધના પો.સ્ટે. પાર્ટ-એ ગુ.ર.નં. ૧૧૨૧૦૦૪૭૨૬૧૭૨૪ થી ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ ૩૩૬(૨), ૩૩૮, ૩૪૦(૨), ૫૪ મુજબનો ગુનો નોંધાયેલાની, તે અંગે ન્યાયિક કાર્યવાહી ચાલુ હોવાની તમામ ખરી હકીકતો છુપાવી તદન ખોટી, કાયદા વિરૂધ્ધની વિગતો જણાવી જાહેર જનતાને ગેરમાર્ગે દોરનારી નોટીસ પ્રસિધ્ધ કરાવેલ છે.

પ્રીતિબેને ઉપર મુજબનો બિનજામીની ગુનાનો આરોપ હોય પોલીસ અધિકારીથી ધરપકડ ટાળી રહેલ હોય તે વિરૂધ્ધ પણ કાયદેસરની કાર્યવાહી ચાલી રહેલી હોય તેવી તમામ હકીકતો પ્રીતિબેન મારફતે તેમના એડવોકેટશ્રી પ્રતિક શર્મા જાણતા હોવા છતાં જાહેર જનતાને ગેરમાર્ગે દોરવા માટે તદન ખોટી વિગતોવાળી જાહેર નોટીસ પ્રસિધ્ધ કરાવેલ છે.

હમારા અસીલોની પ્રત્યક્ષ કબજા ભોગવટાવાળી મીલકતમાં રહેલ તમામ જંગમ માલ સામાન હમારા અસીલોની માલીકી અને કબજા ભોગવટામાં છે તેનો તમામ રીતે વહીવટ, વ્યવસ્થા, સંચાલન કરવા હમારા અસીલોને કાયદા અન્વયે હકક અને અધિકાર ચાલી આવેલ છે. પ્રીતિબેનને સદરહુ મીલકતમાં કોઇ હકક કે અધિકાર નથી. જેથી પ્રીતિબેને તેમના એડવોકેટશ્રી મારફતે આપેલ જાહેર નોટીસથી જાહેર જનતાએ ગેરમાર્ગે દોરવાવું નહીં.

જશવંત એમ. પટેલ
ઉજ્જવલ જે. ઠાકર
તે આરાધનાબેન નિતીનભાઈ પંચાલ, નિમીષા વિમલ પંચાલ, યોગિતા મનેશભાઈ પટેલ તથા નંદાબેન રીષીભાઈ પંચાલના એડવોકેટ્સ
ઓફિસઃ ૩૦૧-૩૦૨, દેસાઈ ચેમ્બર્સ, બહુમાળી મકાનની પાછળ, ખારવાવાડ, નાનપુરા, સુરત. મો.નં. ૯૮૭૯૫૧૬૦૦૬, ૯૪૨૭૫૩૬૩૫૩